જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૧/૨૦૧૯ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૩/૧૯**

અમદાવાદ શહેરના વસ્ત્રાપુર તથા ગુજ યુનિ પો.સ્ટે વિસ્તારમા ઘરફોડ ચોરી તેમજ શરીર સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપી નરેશ ગાભાભાઈ રાવળ ઉવ.૧૯ ધંધો: બેકાર રહે.૧૫૮ વૃંદાવન આવાસ, વસ્ત્રાપુર તળાવ, અમદાવાદ હાટૅની બાજુમાં, વસ્ત્રાપુર અમદાવાદનાઓ વિરૂધ્ધ દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ સદર ઇસમ વિરૂધ્ધમાં વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા સદર ઇસમ વિરૂધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૮૨/૨૦૧૯ તા.૨૫/૦૧/૨૦૧૯ થી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે અટકાયતમાં રાખવાનો હુકમ કરેલ જે હુકમ અન્વયે મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૨૬/૦૧/૨૦૧૯ ના રોજ કલાક ૧૮/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે અટકાયતમાં રાખવા સારૂ મોકલી આપેલ છે.

### વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૦૪/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૬૩ મુજબના કામે ગુમ થયેલ બાળક ને શોધી કાઢતી વટવા પોલીસ

**વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૦૪/૧૯ ઈપીકો કલમ ૩૬૩ મુજબના કામે ફરીયાદી શ્રી રવિકરણસિંગ પંચમસિંગ સિંગ રહે- સી/૪૦૧ ટંકાર રેસીડેંસી વિભાગ-૦૧ વટવા અમદાવાદ શહેર નાઓનો દિકરો રાજેશપ્રતાપસિંગ રવિકરણસિંગ જાતે સિંગ ઉ.વ. ૧૭ નાનો તારીખ ૨૨/૦૧/૨૦૧૯ ના કલાક ૧૭/૩૦ વાગે પોતાના ઘર આગળથી કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી લઈ ગયેલ જે બાબતે ઉપરોક્ત નંબર થી ગુનો દાખલ થયેલ હોઈ આ ગુનાની તપાસ વટવા સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન.ડાભી સાહેબ કરી રહ્યા હોઈ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમી. શ્રી જે-ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ગુમ થયેલ બાળક રાજેશપ્રતાપસિંગ રવિકરણસિંગ જાતે સિંગ ઉ.વ. ૧૭ રહે સી/૪૦૧ ટંકાર રેસીડેંસી વિભાગ-૦૧ વટવા અમદાવાદ શહેર નાઓની શોધવા ખંતપુર્વક તપાસ કરી દિન-૦૩ માં ગુમ થનાર બાળકને શોધી કાઢેલ છે.**
**તા-૨૬/૦૧/૨૦૧૯.**

**<u>સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનઃ</u>**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા શરીરસંબંધી ગુનામા પકડાયેલ આરોપી રાહુલ ભલાજી ઠાકોર ઉ.વ.૨૬ રહે. ગોરવાસ ચાંદલોડીયા ગામ ચાંદલોડીયા અમદાવાદ શહેર નાની વિરુધ્ધમા દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ સદરી ઇસમ વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા સદરી વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૯૭૮/૨૦૧૮ તા.૧૫/૧૦/૨૦૧૮ થી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીને આજરોજ તા.૨૬/૦૧/૨૦૧૯ ના રોજ કલાક ૧૪/૦૦ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.